અપીલ અરજી નં.૨૯૬ તા.૧૪–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૪–૦૮–૦૯ ની અરજીથી (૧) છેલ્લા ત્રણ વર્ષમાં વેસ્ટઝોન (રાંદેર) ના કાર્યક્ષેત્રમાં કુલ કેટલા ગેરકાયદે ઉભા કરાયેલ બાંધકામોનું બાંધકામ અટકાવવા બાંધકામધારકોને આપના વિભાગે નોટીસો આપેલ છે? (૨)આ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું કામ ત્યારબાદ અટકેલું છે અને કેટલાં બાંધકામ ત્યારબાદ વિના મંજૂરીએ પૂર્ણ થયેલ છે? (૩) આ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું ડીમોલેશન મિલ્કતદારને નોટીસો આપ્યા બાદ કે નોટીસો આપ્યા વિના આપના વિભાગે કરેલ છે? (૪) આપના વિભાગે ડીમોલેશન કર્યા હોય તેવી મિલ્કતો પૈકીની કુલ કેટલી મિલ્કતો ત્યારબાદ આપના વિભાગની મંજૂરી વિના ફરીથી બારોબાર ઉભી કરવામાં આવેલી છે? વિના મંજુરીએ બારોબાર ફરીથી બાંધકામો ઉભા કરનાર બાંધકામ ધારકો વિરૂધ્ધ આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી (સદર તમામ માહિતી મિલ્કતદારોના નામ સરનામા,નોટીસ આપ્યા તારીખ,ડીમોલીશન કર્યા તારીખ તથા વસૂલ કરવામાં આવેલ ખર્ચની રકમ સહિતની વિગતવાર ) માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૬/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૪–૦૮–૦૯ ની અરજીથી (૧)છેલ્લા ત્રણ વર્ષમાં વેસ્ટઝોન (રાંદેર) ના કાર્યક્ષેત્રમાં કુલ કેટલા ગેરકાયદે ઉભા કરાયેલ બાંધકામોનું બાંધકામ અટકાવવા બાંધકામ ધારકોને આપના વિભાગે નોટીસો આપેલ છે? આ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું કામ ત્યારબાદ અટકેલું છે અને કેટલાં બાંધકામ ત્યારબાદ વિના મંજૂરીએ પૂર્ણ થયેલ છે? (૩) આ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું ડીમોલેશન મિલ્કતદારને નોટીસો આપ્યા બાદ કે નોટીસો આપ્યા વિના આપના વિભાગે કરેલ છે? (૪) આપના વિભાગે ડીમોલેશન કર્યા હોય તેવી મિલ્કતો પૈકીની કુલ કેટલી મિલ્કતો ત્યારબાદ આપના વિભાગની મંજૂરી વિના ફરીથી બારોબાર ઉભી કરવામાં આવેલી છે? વિના મંજૂરીએ બારોબાર ફરીથી બાંધકામો ઉભા કરનાર બાંધકામ ધારકો વિરૂધ્ધ આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકછો સહિતની વિગતવાર માહિતી (સદર તમામ માહિતીની મિલ્કતદારોના નામ સરનામા,નોટીસ આપ્યા તારીખ,ડીમોલીશન કર્યા તારીખ તથા વસૂલ કરવામાં આવેલ ખર્ચની રકમ સહિતની વિગતવાર ) માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આ./૩૨૧ તા.૧૧–૦૯–૦૯થી આપેલ માહિતીથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને લગભગ બે માસના વિલંબથી તા.૧૪–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૭ તા.૧૮–૧૨–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)તથા અરજદારને અપીલ અરજી આશરે બે માસના વિલંબથી રજૂ કરેલ છે. જે અંગે વાજબીપણું અને આધાર પુરાવા રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તથા અરજદાર તરફથી અપીલના વિલંબ અંગે કોઈ વિગતો પૂરી પડાયેલ નથી.

અરજદારની તા.૨૪–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવ્યા અનુસારના મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગવામાં આવેલ. (૧) છેલ્લા ત્રણ વર્ષમાં વેસ્ટઝોન (રાંદેર) ના કાર્યક્ષેત્રમાં કુલ કેટલા ગેરકાયદે ઉભા કરાયેલ બાંધકામોનું બાંધકામ અટકાવવા બાંધકામધારકોને આપના વિભાગે નોટીસો આપેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લા ત્રણ વર્ષમાં વેસ્ટઝોન(રાંદેર) ના કાર્યક્ષેત્રમાં કુલ ૫૦ બાંધકામ ધારકોને ઝોન કચેરીએથી નોટીસ આપવામાં આવેલ છ઼ે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૨)આ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું કામ ત્યારબાદ અટકેલું છે અને કેટલાં બાંધકામ ત્યારબાદ વિના મંજૂરીએ પૂર્ણ થયેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ માહિતી આપવાની હોય છે આ અંગેની માહિતી ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૩) આ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું ડીમોલેશન મિલ્કતદારને નોટીસો આપ્યા બાદ કે નોટીસો આપ્યા વિના આપના વિભાગે કરેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આવા બાંધકામો પૈકીના ૨૦ બાંધકામોનું ડીમોલીશન મિલ્કતદારને નોટીસ આપ્યા બાદ કરેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૪) આપના વિભાગે ડીમોલીશન કર્યા હોય તેવી મિલ્કતો પૈકીની કુલ કેટલી મિલ્કતો ત્યારબાદ આપના વિભાગની મંજૂરી વિના ફરીથી બારોબાર ઉભી કરવામાં આવેલી છે? વિના મંજૂરીએ બારોબાર ફરીથી બાંધકામો ઉભા કરનાર બાંધકામ ધારકો વિરૂધ્ધ આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી (સદર તમામ માહિતીની મિલ્કતદારોના નામ સરનામા,નોટીસ આપ્યા તારીખ,ડીમોલીશન કર્યા તારીખ તથા વસૂલ કરવામાં આવેલ ખર્ચની રકમ સહિતની વિગતવાર ) માહિતી આપવાના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે. આ અંગેની માહિતી ઝોન

કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવી માહિતી પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે તા.૧૪–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી ગેરકાયદેસર તૈયાર થયેલા બાંધકામોની નામ સરનામાં, નોટીસ આપ્યાની તારીખ, ડીમોલીશન કર્યાની તારીખ તથા ખર્ચની રકમ વિગતવાર માહિતી મેળવવા બાબતે અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતીમાં ૫૦ બાંધકામધારકોને આપેલ નોટીસ તથા તે પૈકીના ૨૦ બાંધકામોના ડીમોલીશન અને તેના ખર્ચની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તે પૈકી નોટીસ આપનારના નામ, સરનામાં, તારીખ તથા ખર્ચની વિગત પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારે અપીલ તબકકે તે મેળવવા રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ અરજદારે દિન–૩૦ ની અવધિમાં અપીલ કરવાની રહે છે. તથા તે પછીના સમયની અપીલ અંગે વિલંબનું વાજબીપણું રજૂ કરી અપીલ કરી શકે. જે ગ્રાહય રાખવાનો નિર્ણય અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબપણું રજૂ કરવામાં તક આપવા છતાં સફળ રહેલ નથી. તેમ છતાં કાયદાના હાર્દને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ચાર્જ ભરપાઈ કરવા જણાવવા સહિત માહિતી પૂરી પાડવાની કાર્યવાહી દિન–૭ માં હાથ ધરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. ઉપરોકત જણાવેલ વિગતે નહીં પુરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,